# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com

CIN:U40102GJ2003SGC042908


પીજીવીસીએલ/સીજીઆરએફ/ ૪૪/ક્વા-૦૨/૨૦૨૦-૨૧/૧૪૮ તા.૨૭.૦૪.૨૦૨૧

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૪૪/ક્વા-૦૨/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી પ્રેમજીભાઇ કાનજીભાઇ ચમ ગામ – પોરબંદર

સબડીવીઝન: રાણાવાવ

### :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી પોરબંદર રૂરલ

### :: કોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી, પોરબંદર

તારીખ: સોમવાર (૧૯.૦૪.૨૦૨૧)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૯.૦૪.૨૦૨૧ (સોમવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

### :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે,પીજીવીસીએલ પેટા વિભાગીય કચેરી,રાણાવાવના તાબામાં રાણાવાવ તાલુકા ના રાણાવાવ ગામ માં એમોની એક સ્થાવર મિલકત ખેતીની જમીન રે.સ.નં. ૩૪/૨ (જુના) જે નવા રે.સ.નં. ૧૫૩ ખાતા નં.૧૭૧૦ થી ચાલે છે. જેમાં અમો અરજદાર સહ માલિક છીએ અને આ મિલકત્મા અમો ૫૦% થી વધુ ભાગના માલિક છીએ જે જમીન એમોના પિતાશ્રી કાનજીભાઈ દેવજીભાઈ ચમ અને અમો અરજદાર ના એમ સંયુક્ત નામ થી સબ.રજી.કચેરી પોરબંદર ખાતે રજી. વેચાણ દસ્તાવેજ નં.પીબીઆર/૧૪૨૪/૧-૧૦/૧૯૮૯ થી તા.૨૪/૦૪/૧૯૮૯ ના

રોજ ખરીદ કરવા માં આવેલ છે. જે રીતે અમો અરજદાર નો ૫૦% હિસ્સો તહતા એમોના સ્વ.પિતા કાનજીભાઈ દેવજીભાઈ ચમ ના વારસ તરીકે તેમ અમો આ મીલ્કત ના ૫૦% થી વધુ ભાગના હિસ્સેદાર છે અને અમારા ભાગ નો હિસ્સો બહુમત થી આવેલ છે.ઉપરોક્ત સદર મિલકત માંપેટા વિભાગીય કચેરી દ્વારા જે તે સમયે બાબત માં જણાવેલ વીજ કનેક્શન આપવામાં આવેલ છે જેની અમોને હાલ જરૂર ના હોતા અમો સદર વીજ કનેકશન રદ કરવા અરજ અહેવાલ કરતા હતા જે નકલ આ સાથે સાદર રજુ છે. ઉપરોક્ત અમોનીતારીખ ૦૭/૦૩/૨૦૨૦ની અરજીમાં સ્પષ્ટ રજૂઆત કરીએ છીએ કે અમોને અન્ય સહ માલિકો ની સંમતિ લેવાની જરૂર નથી કારણ કે સદર મિલકત માં આવેલ વીજ કનેકશન રદ કરવાનો નિર્ણય બહુમત છે જેથી રદ કરવા વિનંતી કરેલી. આ સાથે નમ્ર રજૂઆત છે કે પીજીવીસીએલ ઉદ્યોગ નગર પેટા વિભાગીય કચેરી પોરબંદરના પત્ર નંબર યુએનએસડી/લીગલ/૧૫૮૩ તા.૨૬/૧૦/૨૦૧૬ ના રોજ આપેલ જવાબમાં એમ જણાવવામાં આવે છે કે પીજીવીસીએલ કંપનીના નિયમ મુજબની તેમજ કંપની એક્ટ તથા ભાગીદાર ના કાયદા મુજબ ની કાયદેસરની છે જેની નોંધ લેવા જે પત્રની નકલ આ સાથે સાદર રજુ છે જે અન્યબીજા કામે અમોને જે તે સમયે અરજીના જવાબમાં આપવામાં આવેલ. આ કામે પેટા વિભાગીય કચેરી રાણાવાવ થી તારીખ ૦૮/૦૭/૨૦૨૦ ના રોજ આપવામાં આવેલા જવાબમાં અધુરી વિગત વાળો પત્ર જવાબ આપેલ છે અને જવાબમાં જણાવવામાં આવેલ પત્ર જેના ઈનવર્ડ નંબર ૪૬૯તા. ૧૧/૦૫/૨૦૨૦ ના રોજ ના પત્ર ની નકલ અમને આપવામાં આવી નથી અને કાનૂની સ્પષ્ટતા કરવામાં આવેલ નથી આ કામમાં આપના પીજીવીસીએલના પેનલ એડવોકેટ શ્રી છે તારીખ ૦૫/૦૬/૨૦૨૦ ના રોજ આપવામાં આવેલ અભિપ્રાયમાં કોર્ટ કેસ ચાલે છે અને મેટર સબ જ્યુડીશ રહેલ છે તેમ જણાવે છે પરંતુ કોર્ટ મેટર ની જે બાબતો મિલકતો છે તે અને આ કામમાં છે મિલકત અને વીજ કનેક્શન રહેલા છે તે બાબતો સંપૂર્ણ રીતે અલગ છે જેને કોઈજ રીતે સંબંધ નથી અને ખોટી રીતે પરસ્પર સાંકળવામાં આવેલ છે. આ કામે વકીલશ્રી નો તારીખ ૦૫/૦૬/૨૦૨૦ ના રોજ ના અભિપ્રાય ના પારા -૪ માં છેલ્લી લાઈન જોવામાં આવે તો અને હાલ જ્યારે નામદાર કોર્ટમાં આ વિષયવસ્તુ સબજ્યુડીશ રહેલ હોય ત્યારે બિનજરૂરી રીતે આપણે ન્યાયના કામમાં પક્ષકાર તરીકે જોડાવવુંપડે તેમ જણાવે છે જ્યારે આગળ પારા-૬ માં રજૂઆત કર્યા મુજબ જે રે.દી.મુ.નંબર.૨૨૭/૨૦૧૭ તથા રે.દી.મુ.નંબર.૫૧/૨૦૧૬ માં દાવાઓને આ રાણાવાવ ખાતે ની ખેતીની જમીન અંગે કશું જે લેવાદેવા કે કોઈ સીધો કે આડકતરો સંબંધ છે જ નહીં અન્ય છતાં પણ ખોટી રીતે પરસ્પર સાંકળવામાંઆવેલ છે અને કાનૂની રીતે ની કોઈ સ્પષ્ટતા કરવામાં આવેલ નથી જેથી હાલની અરજી કરવા જરૂર પડી છે જેથી અમોને તારીખ ૦૭/૦૩/૨૦૨૦ની અરજી ધ્યાને લેવા વિનંતી છે. આ કામે નમ્ર અરજ છે કે પીજીવીસીએલ રજીસ્ટર ઓફિસ રાજકોટનો એટલે કે આપણા દ્વારા અમોને માંગેલો પરિપત્ર રેફ.પીજીવીસીએલ/રેવ/નામફેર/૨૦૧૭/૨૭૪૨ તારીખ ૦૬/૦૩/૨૦૧૭ નો જે તમામ અધિક્ષક ઈજનેરશ્રીની કચેરી ઓને આપવામાં આવ્યો છે ક્યાય ભાગીદારી પેઢીના કાયદાની કલમ-૧૨ નો અને કંપની એક્ટ-૧૯૫૬ ની કોઈ જ કલમ નો ઉલ્લેખ કરવામાં આવેલ નથી અને બહુમત નિર્ણય લેવો જોઈએ એવી કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી જે તારીખ ૦૬/૦૩/૨૦૧૭ નો પરિપત્ર અમોએ આપનીપેટા વિભાગીય કચેરી રાણાવાવ થી

આર.ટી.આઈ. એક્ટ થી અરજી કરી માંગેલો જે તારીખ. ૧/૧૧/૨૦૧૭ ના પત્ર નં.એનએસડી/લીગલ/આર.ટી.આઈ./૧૮૯૨ થી અમોને આપવામાં આવેલ છે જેની નકલ આ સાથે સાદર રજુ છે જેના અનુસંધાને પીજીવીસીએલ પેટા વિભાગીય કચેરી ઉદ્યોગ નગર પોરબંદર થી તારીખ ૨૦/૧૦/૨૦૧૬ નો એનએસડી/લીગલ/૧૫૮૩ થી આપવા માંઆવેલો જવાબ અને કાર્યવાહી ખોટી સાબિત કરે છે અથવા તો રાણાવાવ ખાતે નો તા. ૦૮/૦૭/૨૦૨૦ નો જવાબ અને કાર્યવાહી ખોટી ઠરે છે.જેથી ઉપરોક્ત પારા- ૮ માં જણાવેલ પેટા વિભાગીય કચેરી ઉદ્યોગ નગર પોરબંદર પીજીવીસીએલ ના પત્ર તા.૨૦/૧૦/૨૦૧૬ અને રાણાવાવ પેટા વિભાગીય કચેરી નો પત્ર જવાબ તારીખ ૦૮/૦૭/૨૦૨૦ ના બાબતે કાનૂની સ્પષ્ટતા સાથે અમોનીતારીખ ૦૭/૦3/૨૦૨૦ ની રાણાવાવ પીજીવીસીએલ ની અરજી હેઠળ યોગ્ય કાર્યવાહી થવા નમ્ર અરજ છે.અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 ઉપરોકત વિષય ના અનુંસધાને શ્રી પ્રેમજી કાનજી ચમ ગામ રાણાવાવ ખાતે ના ગ્રાહક નંબર ૩૫૬૧૦/૦૮૬૬/૩, ૬ કે.ડબલ્યુ નું વિજ જોડાણ રદ કરવા બાબતની ટૂકી વિગત નીચે મુજબ છે.

૧. ગ્રાહક નં. ૩૫૬૦૧/૦૦૮૬૬/૩ ગ્રાહક નુ નામ કાનજી દેવજી, સરનામુ જામનગર રોડ ચાર સડક, પી.૩૦૭૫૦,રાણાવાવ, ટેરીફ-આરજીપીયુ (એજીઆરએલ) વિજ જોડાણ, કને.રીલીઝ તા. ૯.૯.૨૦૦૦ છે.(ઓફીસ રેકોર્ડ મુજબ)

૨. સદર વિજ જોડાણ સર્વે નંબર ૩૪પૈકી/૨/૧(નવા ૧૫૩) પર આવેલ છે તે જમીન (૧)શ્રી મુસા કાસમ શિવાણી (૨) ફારુક કાસમ શિવાણી (૩) મહમદહુસેન કાસમ શિવાણી (૪) હારુન કાસમ શિવાણી પાસેથી રજીસ્ટર દસ્તાવેજ નં.૧૪૨૪/૧૦/પીબીડી/૧૯૮૯ તા. ૨૪.૪.૧૯૮૯ ના રોજ શ્રી કાનજી દેવજી ચમ અને પ્રેમજી કાનજી ચમ એ ખરીદેલ હતી.

3.૧ સદર વિજ જોડાણ કાનજી દેવજી ના નામે તા.૯.૦૯.૨૦૦૦ના રોજ આપવામાં આવેલ છે. (જુના દસ્તાવેજ ઓફીસ રેર્કોડ મુજબ રાણાવાવ પેટા-વિભાગીય કચેરી માં પ્રાપ્ય નથી.)

3.૨ સદર વિજ જોડાણમાં (ગ્રાહક નં.૩૫૬૦૧/૦૦૮૬૬/૩) રમેશભાઇ કાનજીભાઇ દ્વારા કાનજી દેવજીના નામેથી રમેશ કાનજીભાઇ નામે કરવા માટે નામફેરની અરજી તા. ૭.૩.૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ તે મુજબ રાણાવાવ પેટા-વિભાગીય કચેરી દ્વારા સર્વિસ રીકવેસ્ટ નં૫૭૦૯૨૭૧ થી રજીસ્ટ્રેશન કરવામાં આવેલ ત્યાર બાદ તેજ સાધનીક કાગળો પર ફરીથી રાણાવાવ પેટા-વિભાગીય કચેરી દ્વારા તા.૪.૧૦.૨૦૧૪ ના રોજ સર્વિસ રીકવેસ્ટ નં.૬૨૭૧૯૭૪ મુજબ રજીસ્ટ્રેશન કરવામાં આવેલ અને નામફેર ની કાર્યવાહી કરવામાં આવેલ પરંતુ તેના એ-૧ ફોર્મ(અરજી પત્રક)માં નાયબ ઇજનેર તથા સબંધિત કોઇ પણ કર્મચારી ની સહી કરવામાં આવેલ નથી તેમજ ગ્રાહકની સહી પણ શંકાસ્પદ છે અને કાનજી દેવજી ચમ તા.૨૦.૧.૧૯૯૬ ના રોજ અવસાન પામેલ હોય તેનુ મરણ પ્રમાણ પત્ર પણ સદર અરજીમાં જોડવામાં આવેલ નથી. તેમજ તે સમયે ૭/૧૨, ૮-અના ઉતરાની ઉતરોતર લેટેસ્ટ સ્થિતી અનુસાર ૭/૧૨ મુજબ સંબધિત ભાગીદાર ની સહમતી વગર નામફેરની કાર્યવાહી કરી રાણાવાવ પેટા-વિભાગીય કચેરી દ્વારા રમેશ કાનજી ચમના નામે સદર કનેકશનનુ

નામફેર કરવામાં આવેલ છે. અરજીમાં જોડેલ દસ્તાવેજમાં ૭/૧૨, ૮-અ, ગામ નમુનો નં ૧૨ જે કાનજી દેવજી અને પ્રેમજી કાનજીના નામના છે અને ફકત રેશનકાર્ડ અને ચુટણી કાર્ડ રમેશ કાનજીના નામના છે. (આમ નામફેરની કાર્યવાહી કરેલ છે તે કંપનીના નિયમ મુજબ નથી)

3.3 સદર નામફેરની અરજી તા ૦૭.૦૩.૨૦૧૪માં જોડેલ દસ્તાવેજમાં સદર જમીન અંગે ઉતરો ઉતર નકલ જોતા નામફેર વખતે રમેશ કાનજી ચમ દ્વારા ૭/૧૨ આપેલ છે જે તા.૨૮.૦૩.૧૧ ની સ્થિતિના નકલ તા.૯.૭.૧૩ ના આપેલ હતા જેમા નામ ખારવા કાનજી દેવજી, ખારવા પ્રેમજ કાનજી છે.આમછતા રાણાવાવ કચેરી દ્રારા (સંબધિત કર્મચારી) નામફેર કરનાર કર્મચારી દવારા કોઇ પણ દસ્તાવેજ ની ખરાઇ કર્યાવગર તેમજ ૭,૧૨ ની ઉતરોઉતરની નોધ ખરાઇ કર્યા વગર નામ ફેર કરેલ છે.

3.૪ સદર જમીન ના ઉતરો ઉતર જોતા નોધ નં.૧૬૬૮૧ તા.૧૦.૧.૨૦૧૧ માં દશાવ્યા મુજબ કાનજી દેવજી તારીખ ૨૧.૦૧.૧૯૯૬ ના રોજ અવસાન થતા તેમના સીધી લીટીના વારસદાર ૧ થી ૯ ઉમેરવા આવેલ છે. પરંતુ આ ૧ થી ૯ નામ મુજબ સંહમતી લેવામાં આવેલ નથી.

3.૫ સદર નામફેર બાબતે શ્રી પ્રેમજી કાનજી ચમ, પોરબંદર દ્રારા નીચે દર્શાવેલ વિગત મુજબ ત્રાણ વખત માહિતી અધિકાર નિયમન-૨૦૦૫ મુજબ માહિતી માગવામાં આવેલ હતી.

| ક્રમ નં. | માહિતી અધિકાર નિયમન-૨૦૦૫ કરવામા આવેલ અરજીની તારીખ. | પેટા વિભાગીય કચેરી દ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી ના પત્ર નં. અને તારીખ. |
|---|---|---|
| ૧ | તા.૨૦.૦૬.૨૦૧૭ | નં.આરએસડી/બિલિંગ/આરટીઆઇ/૧૦૪૮ તા.૦૬.૦૭.૨૦૧૭. |
| ૨ | તા.૨૩.૧૦.૨૦૧૭ | નં.આરએસડી/બિલિંગ/આરટીઆઇ/૧૮૯૨ તા.૦૧.૧૧.૨૦૧૭. |
| ૩ | તા.૦૬.૧૨.૨૦૧૭ | નં.આરએસડી/બિલિંગ/આરટીઆઇ/૨૧૮૮ તા.૨૨.૧૨.૨૦૧૭. |

પેટા વિભાગીય કચેરી રાણાવાવ દ્વારા ઉપરોકત પત્રોથી પાઠવવામાં આવેલ માહિતીથી પ્રેમજી કાનજી ચમ-પોરબંદરને સંતોષ ન થતા તેઓએ તા.૦૮.૦૧.૨૦૧૮ રોજ અધિક્ષક ઇજનેર સાહેબ-પોરબંદર તથા જાહેર માહિતી અપીલ અધિકારીશ્રી પોરબંદર સમક્ષ પ્રથમ અપીલ કરવામાં આવેલ જેના અનુસંધાને અધિક્ષક ઇજનેર સાહેબ તથા જાહેર માહિતી અપીલ અધિકારીશ્રી દ્વરા હુકમ નં.એસઇપી/એચ.આર-૨/પ્રથમ અપીલ હુકમ/૩૮૨૨ તા.૦૧.૦૩.૨૦૧૮ થી હુકમ કરેલ જે અન્વયે રાણાવાવ પેટા-વિભીય કચેરી દવારા પત્ર નં. આરએસડી/બિલિંગ/આરટીઆઇ/૫૫૮ તા.૦૮.૦૩.૨૦૧૮ મુજબ માહિતી પુરી પાડવામાં આવેલ.

3.૬ પરંતુ રાણાવાવ પેટા-વિભીય કચેરી દ્વારા જે માહિતી પુરી પાડવામાં આવેલ તેનાથી સંતોષ ન થતાં શ્રી પ્રેમજી કાનજી ચમ, પોરબંદર દ્વારા તા.૦૧.૦૫.૨૦૧૮ ના રોજ ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગર અપીલ નં.:- અ-૨૭૮૨ ૨૦૧૮ થી અપીલ કરવામાં આવેલ હતી પરંતુ સદર અરજી દસ્તાવેજી પુરાવાને અભાવે શ્રી આર.આર.વરસાણી રાજય માહિતી કમિશનર, ગુજરાત માહિતી આયોગ ગાંધીનગર દ્વારા દફતરે કરવામાં આવેલ.

૩.૭ ત્યાર બાદ ફરીથી શ્રી પ્રેમજી કાનજી ચમ, પોરબંદર દ્વારા ગુજરાત માહિતી આયોગ ગાંધીનગર સમક્ષ સેકન્ડ અપીલ નં.૯૬૧૮-૨૦૧૮ દાખલ કરવામાં આવેલ હતી જેનો નિકાલ તા.૨૩.૧૦.૨૦૧૯ ના રોજ શ્રી કે.એમ.અધ્વર્યુ-રાજય માહિતી કમિશનર, ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગરના હુકમ પ્રમાણે નામફેરની કાર્યવાહી થવા સંદર્ભે જીરૂરી ચકાસણી થયા સિવાય અને જરૂરી સંમતિપત્ર મેળવ્યા સિવાય નામફેર કરવામાં આવેલ છે જે સુનાવણી માં ઉપસ્થિત જાહેર માહિતી અધિકારીએ પણ પુરતી ચકાસણી સિવાય જે તે સમયે નામફેર ની કાર્યવાહી થયેલ છે તેમ કબુલ કર્યુ હતું.

સદર તમામ બાબત ધ્યાને લઇ તા.૨૩.૧૦.૨૦૧૯ શ્રી કે.એમ અધ્વર્યુ, રાજય માહિતી કમિશનર, ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગરના હુકમ મુજબ જરૂરી સુધારણા કરી ફરી મુળ નામે એટલે કે કાનજી દેવજીના નામે કરી આપવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

૩.૮ તા.૧૩.૦૧.૨૦૨૦ ની અરજીથી શ્રી પ્રમજી કાનજી ચમ દ્વારા પેટા વિભાગીય કચેરી રાણાવાવ પાસેથી હુકમ મુજબની અસરો આપી દીધેલ હોય તો તે અંગેના સાધનિક કાગળો-બીલની ખરી નકલો (હુકમ થયા બાદની તારીખના) માંગવામાં આવેલ આથી પેટા વિભાગીય કચેરી રાણાવાવ દ્વારા પત્ર નં. આરએનવી/રેવ/ચમ/નામ ટ્રાન્સફર/૬૪૦ તા.૧૩.૦૨.૨૦૨૦ થી સાધનીક પુરાવા સાથે કરી આપેલ.

૩.૯ ત્યાર બાદ શ્રી પ્રેમજી કાનજી ચમ દ્વારા તા.૦૭.૦૩.૨૦૨૦ પત્ર અને તા.૨૭.૦૪.૨૦૨૦ ના સ્મૃતિપત્ર થી ઘરવપરાશનુ વિજ જોડાણ ગ્રાહક નં ૩૫૬૦૧/૦૦૮૬૬/૩, નામઃકાનજી દેવજી વાળા વીજ કનેકશન રદ કરવાની અરજી આપેલ છે.

**જે અંગે રાણાવાવ પેટા વિભાગીય કચેરી તરફથી શ્રી પ્રેમજી કાનજી ચમ ને પત્ર નં આરઅનેવી/રેવ/ચમ/નામ ટ્રાન્સફર/૧૪૬૧ તા.૨૦.૫.૨૦૨૦ થી જવાબ આપેલ છે( જે આ સાથે સામેલ છે.)**

તેમજ આ અંગે રાણાવાવ પેટા વિભાગીય કચેરી તરફથી તા.૦૫.૦૬.૨૦૨૦ના રોજ શ્રી પેનલ એડવોકટ નો લીગલ અભિપ્રાય મેળવીને તેમજ વિભાગીય કચેરીના માર્ગદર્શન પત્ર નં.પીઆરડી/એજી/૯૧૨ તા. ૨૯.૦૬.૨૦૨૦ના પત્ર મુજબ શ્રી પ્રેમજી કાનજી ચમ ને પત્ર નં.આરઅનેવી/રેવ/ચમ/નામ ટ્રાન્સફર/૨૦૨૪ તા ૦૮.૦૭.૨૦૨૦ થી જવાબ આપેલ છે(જે આ સાથે સામેલ છે.)

શ્રી પ્રેમજી કાનજી ચમની રજુઆત છેકે રાણાવાવ પેટા વિભાગીય કચેરી તરફથી તા ૦૮.૭.૨૦૨૦ના રોજ આપવામાં આવેલા જવાબ અધુરી વિગતવાળો પત્ર જવાબ આપેલ છે અને જવાબમાં જણાવેલ જેના ઇનવર્ડ નં ૪૬૯ તા ૧૧.૫.૨૦૨૦ ના રોજ પત્રની નકલ આપવામાં આવેલ નથી અને કાનુની સ્પષ્તા કરવામાં આવેલ નથી. **પરતુ આ અંગે લીગલ ઓપીનયન સહિત આઉટ નં આર.એન.વી/રેવ/ચમ/નામ-ટ્રાન્સફર/૨૦૪ તા ૦૮.૦૭.૨૦૨૦થી જવાબ આપવામાં આવેલ છે અને ઇનવર્ડ નં ૪૬૯ તા ૧૧.૦૫.૨૦ની અરજી જે અન્ય અરજદાર મિરાજ રમેશ ચમની છે.** ( જે અરજી આ સાથે સામેલ છે)

શ્રી પ્રેમજી કાનજી ચમની રજુઆત મુજબ વિજ કનેકશન રદ કરવાની અરજી મુજબ ગ્રાહક નં. ૩૫૬૦૧/૦૦૮૬૬/૩ જે રદ થઇ શકે તેમ નથી કારણકે ૭,૧૨ મુજબ હાલમાં ખારવા પ્રેમજી કાનજી, ચમ કેશરબેન કાનજીભાઇ, ચમ રામજીભાઇ કાનજીભાઇ, ચમ ગંગાબેન કાનજીભાઇ, ચમ પ્રેમજીભાઇ કાનજી, ચમ કમળાબેન કાનજીભાઇ, ચમ હરીરામભાઇ કાનજીભાઇ, ચમ નર્મદાબેન કાનજીભાઇ, ચમ નરેન્દ્રભાઇ

કાનજીભાઇ, ચમ પ્રેમીલાબેન રમેશભાઇ, ચમ હિમાબેન રમેશ, ચમ મીરાજ રમેશભાઇ, ચમ હિમાલીબેન રમેશભાઇ ના (ટોટલ ૧૩ નામ) છે જેમની સહમતી જરૂરી છે. તદઉપરાત નોધ નં ૧૬૮૮૧ તા.૧૦.૦૧.૨૦૧૧ મુજબ પણ નવ ભાગીદાર હતા માટે તે પણ ઘ્યાને લઇને ભાગીદારની સહમતી જરૂરી છે માટે વિજ કનેકશન રદ કરી શકાય તેમ નથી, જે સપ્લાઇ કોડ નોટીફીકેશન ૧૧/૨૦૧૫ ના ૪.૮.૧ ,૪.૮.૨, ૪.૮.૩ મુજબ નામફેર કે ડીસ કનેકશન શકય નથી.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે ઉપરોક્ત મુદા નં. ૩.૯ મુજબ અરજદાર શ્રી ની રજુઆત માન્ય રાખી શકાય તેમ ન હોય તેથી પીજીવીસીએલ કંપની દ્વારા જે કાર્યવાહી કરવામાં આવેલી છે જે યોગ્ય છે. અને નિયમાનુસાર છે.

૪.૨ તો તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.3 આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-૩૦ માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો’૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯